# Std 11 Gujarati Textbook Solutions Chapter 1 જાગને જાદવા

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. શ્રીકૃષ્ણને શા માટે જગાડવામાં આવે છે?**

ઉત્તર :

શ્રીકૃષ્ણને ગાયો ચરાવવા, ધણ સાથે જવા જગાડવામાં આવે છે.

**પ્રશ્ન 2. ગોવાળિયાને કયો પ્રશ્ન મૂંઝવે છે?**

ઉત્તરઃ

ગોવાળિયાને પ્રશ્ન મૂંઝવે છે કે, વડો ગોવાળિયો કોણ થશે?

**પ્રશ્ન 3. શ્રીકૃષ્ણ માટે કવિએ કયા શબ્દો પ્રયોજ્યા છે?**

ઉત્તરઃ

શ્રીકૃષ્ણ માટે કવિએ જાદવા, ગોવાળિયા, હરિ શબ્દો પ્રયોજ્યા છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. શ્રીકૃષ્ણ નહીં જાગે તો કયાં ક્યાં કાર્યો અટકી પડશે?**

ઉત્તરઃ

શ્રીકૃષ્ણ નહીં જાગે તો મુખ્ય ગોવાળિયો કોઈ થઈ શકશે નહીં. કઢિયેલ દૂધ કોઈ પી શકશે નહીં. ભૂમિનો ભાર કોઈ હળવો કરી શકશે નહીં. મધુરી મોરલી કોઈ વગાડી શકશે નહીં. સંસારસાગરમાં ડૂબતાંને કોઈ બચાવી શકશે નહીં.

**પ્રશ્ન 2. 'ત્રણ સેં ને સાઠ ગોવાળ'ના કયા કયા અર્થ સંભવિત છે?**

ઉત્તરઃ

"ત્રણ સેં ને સાઠ ગોવાળ'ના સંભવિત અર્થ :

(1) તેમાં કોઈ વર્ષના દિવસો જુએ છે.

(2) તેમાં કોઈ શરીરની નાડીનો આંકડો જુએ છે. આ બધામાં શ્રીકૃષ્ણ મુખ્ય સ્થાને છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. શ્રીકૃષ્ણને જગાડવા માટે ક્યાં ક્યાં કારણો આપ્યાં છે તે સવિસ્તર જણાવો.**

ઉત્તરઃ

શ્રીકૃષ્ણ બાળપણમાં ગોકુળમાં દરરોજ સવારે ગાયો ચરાવવા જતા. માતા જશોદા શ્રીકૃષ્ણને સવારે જગાડે છે. તે જણાવે છે કે કૃષ્ણ વિના ગાયોને ચરાવવા કોણ જશે? ત્રણસો અને સાઇઠ ગોવાળિયા ભેગા થયા છે, તેમાં મુખ્ય ગોવાળિયો કોણ થશે? દહીંથરાં અને ઘેબરાં કોણ ખાશે?

કઢિયેલ દૂધ કોણ પીશે? હરિએ હાથિયો તાય, કાળીનાગ નાથ્યો. આવા હરિ સિવાય પાપીઓને હણીને ભૂમિનો ભાર હળવો કોણ કરશે? યમુનાને તીરે ગાયો ચરાવતાં મીઠી મોરલી કોણ વગાડશે? સંસારસાગરમાં ડૂબતનો તારણહાર કોણ થશે?

આમ, ઉપરના પ્રશ્નોમાં જ શ્રીકૃષ્ણને જગાડવાનાં કારણો છે, કારણ કે શ્રીકૃષ્ણ જ આ બધાં કાર્યો પાર પાડી શકે તેમ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in